# ઉત્તમ અખ્લાક
# મોમિનનો સર્વોત્તમ શણગાર

:: મુરત્તિબ ::

મૌલાના અતાઉલ્લાહ ઈસ્માઈલ મીઠા

:: સંપાદક ::

મુફતી ગુલામ મોહંમદ " ફલાહી "

:: પ્રકાશક ::

પ્રકાશન અને પ્રસારણ વિભાગ

દારૂલ ઉલૂમ મદ્રસા. અરબિય્યહ તાલીમુલ મુસ્લિમીન

લુણાવાડા-૩૮૯૨૩૦,

જિ. પંચમહાલ

કિતાબનું નામ : ઉત્તમ અખ્લાક મોમિનનો સર્વોત્તમ શણગાર

પ્રત : : ૨૦૦૦ પ્રકાશન નં. ૯૩

આવૃત્તિ પહેલી : વર્ષ હીજરી સન ૧૪૩૧
ઈ.સ. ૨૦૧૦

પ્રકાશક : પ્રકાશન અને પ્રસારણ વિભાગ
દારૂલ ઉલૂમ લુણાવાડા

ટાઈપ સેટીંગ : રહમાની કોમ્પ્યુટર
દારૂલ ઉલૂમ લુણાવાડા.

**આ કિતાબ પ્રસારણ ટાણે :—**

જનાબ રૂહુલ અમીન હાજી મુહમ્મદ હનીફ મીઠા સાહબે ઉમ્મતે મુસ્લીમાના તમામ મર્હૂમીનના ઈસાલે સવાબ માટે છપાવી પ્રસિધ્ધ કરી છે. અલ્લાહ તઆલા કબૂલ ફરમાવી મર્હૂમીનની મગ્ફિરત ફરમાવે. આમીન.....

## બે બોલ

ઈસ્લામ દુનિયા આખેરતની તમામ ભલાઈઓ-કામ્યાબીઓની પોતાની ઝાતમાં સમાવેશ કરવાવાળો મઝહબ છે. ઈસ્લામ જ એક એવો મઝહબ છે જેમાં દુનિયામાં વસતા તમામ માણસો માટે અગર તે અરબી હોય અજમી હોય, તૂર્કિ હોય, હબસી હોય, ગરીબ હોય, માલદાર હોય, આકા હોય, ગુલામ હોય તે દરેક માટે કામિયાબી અને નઝાતની ગેરંટીવાળો મઝહબ છે.

ઈસ્લામની ખૂબીઓ અગણિત અને લાતાદાદ છે તેની અગણિત ખૂબીઓમાં એક ખૂબી એ પણ છે કે તે તેને માનવાવાળા મુસલમાનને ખૂશ અખ્લાકી (સારા અખ્લાક) થી પોતાની જાતને શણગારવાની તાલીમ આપે છે. ઘણા સમયથી દિલમાં આવતું હતું કે ઈસ્લામની આ અહમ (મહત્વની) ખૂબી વિશે કંઈક લખું. અલ્લાહ પાકે ઈસ્લામની આ અહમ (મહત્વ) ખુબી વિષે થોડું લખવાની તોફીક આપી. અલ્લાહ પાક કબૂલ ફરમાવે અને બંનેવ જહાનમાં કામિયાબીનો ઝરિયો બનાવે. આમીન.

અહકર :- અતાઉલ્લાહ હાજી ઈસ્માઈલ મીઠા
(મુદર્રિસ દારૂલ ઉલૂમ, લુણાવાડા)

# ઈસ્લામનો સર્વોપરિ ગુણ ખૂશ અખ્લાકી

## (સારા અખ્લાક)

કુર્આને કરીમમાં અલ્લાહ પાકનો ઈર્શાદ છે કે નબીએ કરીમ સલ્લલ્લાહો અલયહિ વસલ્લમને દુનિયામાં મોકલવાનો એક મકસદ એ પણ હતો કે રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમમ લોકોના અખ્લાક પાક–સાફ બનાવે. બીજી જગ્યાએ અલ્લાહ પાકનો ઈર્શાદ છે.

"وَالَّذِينَ هُم لِلزَّكٰوةِ فَاعِلُونَ"

આ આયતે કરીમાના બે મતલબ છે :–

(૧) આયતે કરીમામાં મોમીન બંદાનો એક ખાસ ગુણ બયાન કરવામાં આવ્યો છે કે તે ઝકાત અદા કરે છે.

(૨) બીજો મતલબ એ છે કે તે પોતાની ઝાતને પાક કરે છે. શરીરની સફાઈ નહીં બલ્કે અખ્લાકની સફાઈ ચારિત્ર્ય શુધ્ધિ એનો ખરો અર્થ છે. સફળતા તે મોમીન માટે છે જ

સારા અખ્લાકવાળો હોય તેના અખ્લાકમાં ગંદકી નજાસત (નાપાકી) ન હોય. હઝરત આઈશહ રદિયલ્લાહુ અન્હુથી કોઈ સહાબીએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અખ્લાક વિશે પૂછયું તો હઝરત આયેશા (રદિ.) એ તે સહાબીને સવાલ કર્યો શું તમે કુર્આને પાક પઢતા નથી? કુર્આને પાક આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના અખ્લાક છે. (ઈસ્લાહી ખુત્બાત ભાગ-૧૫ પેજ-૪૮) શરીઅતમાં સારા અખ્લાકની ઘણી જ અહમીયત (મહત્વતા) છે. હદીસ શરીફમાં છે :–

“ اَكْمَلُ الْمُؤْمِنِيْنَ اِيْمَانًا اَحْسَنُهُمْ خُلُقًا ”

" ઈમાનવાળાઓમાં પુરા ઈમાનવાળો તે મોમીન છે જેના અખ્લાક સૌથી સારા હોય"

બીજી એક હદીષ શરીફમાં છે :–

“ اِنَّمَا بُعِثْتُ لِاُتَمِّمَ مَكَارِمَ الْاَخْلَاقِ ”

" બેશક : મને સારા અખ્લાકની તકમીલ (પૂરા કરવા) માટે મોકલવામાં આવ્યો છે." આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પુરી જિંદગી સારા અખ્લાકનો એક નમૂનો હતી. કુર્આને પાક અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સારા અખ્લાકની ગવાહી (સાક્ષી) આપતાં ફરમાવે છે કે :–

" اِنَّکَ لَعَلٰی خُلُقٍ عَظِیۡمٍ "

" નિંઃશક આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ અખ્લાકના ઉચ્ચતમ મરતબા પર છો "

## આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના ખૂશ અખ્લાકી (સારા અખ્લાક)નો એક નમૂનો.

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની જવાનીની ઉમર હતી, મક્કા મુકર્રમામાં આપ સલ્લલ્લાહુ અલયહિ ચાલી રહ્યા હતા. એક વૃધ્ધા પોતાના સામાનનું પોટલું લઈ ઘરના દરવાજા પર

બેઠેલી હતી. આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને લાગ્યું કે આ વૃધ્ધા ને મદદની જરૂર છે. આપે પૂછયું "માજી હું તમારી મદદ કરી શકું ?"

માજીએ જવાબ આપ્યો કે બેટા મારે શહેર બહાર એક જગ્યાએ જવું છે. સામાન વજનદાર છે અને હું તેને ઉઠાવી શકતી નથી. કોઈ વજન ઉઠાવી લે તેની રાહ જોઉ છું. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે હું તમારો સામાન ઉચકી લઉ છું. જરા વિચારો તે વૃધ્ધાનો સામાન બંને જહાનના સરદાર ઉચકી રહ્યા છે. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તે સામાન માથા પર ઉચકીને તે વૃધ્ધા સાથે મક્કા મુકર્રમાની બહાર જઈ રહ્યા છે. જ્યારે વસ્તીથી થોડી દૂર નીકળ્યા તો તે વૃધ્ધાએ વાતો કરવાનું વસ્તીથી થોડી દૂર નીકળ્યા તો તે વૃધ્ધાએ વાતો કરવાનું શરૂ કર્યુ. તે કહેવા લાગી, બેટા ૧ તને ખબર છે કે હું કેમ બહાર જઈ રહી છું ? આપ સલ્લલ્લાહુ

અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે, માજી બતાવો તમે કેમ શહેરની બહાર જઈ રહ્યાં છો ? ત્યારે તે કહેવા લાગી કે, મક્કા મુકર્રમામાં એક માણસ છે જેણે નુબુવ્વતનો દાવો કર્યો છે. તેના લીધે લોકો પોતાનો મઝહબ છોડી તેની પાછળ લાગી ગયા છે. મને એ વાતનો ડર લાગ્યો કે કયાંક હું પણ તેની પાછળ લાગી ન જાઉં. માટે હું મક્કા શહેર છોડીને ફલાણી જગ્યાએ જઈ રહી છું, જેથી હું મારા મા–બાપના મઝહબ પર કાયમ રહું. મારા મા – બાપનો મઝહબ મારાથી છૂટી ન જાય. તે વૃધ્ધા આવી બધી વાતો કરી રહી છે અને આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ ધ્યાનથી તેણીની વાતો સાંભળી રહ્યા છે. આગળ ચાલતાં આ વૃધ્ધા આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને શીખામણ આપી રહી છે કે બેટા તું તારા મા–બાપના મઝહબ પર બરાબર કાયમ રહેજે. અને કોઈ વખત મોકો મળે તો તેની વાતો સાંભળીશ

નહીં. તે તો જાદુગર છે. તેની વાતો દિલો ઉપર અસર કરે છે અને માણસના દિલ પર કબજો કરી લે છે. તેની વાતોમાં ઘણી જ અસર છે. તેણી આ પ્રકારની જેટલી પણ વાતો કહી રહી હતી તે વાતો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સાંભળી રહ્યા હતા અને સાથો સાથ તેણીનો સામાન પણ માથા પર ઉચકીને ચાલી રહ્યા હતા. જ્યારે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેણીને જ્યાં જવું હતું તે જગ્યાએ પહોંચાડી દીધી તો તેણી ઘણી જ ખુશ થઈ અને કહેવા લાગી કે અય નવજવાન તું કેટલો સારો માણસ છે. જરા તારૂં નામ તો બતાવ કે હું જ્યારે ફરીવાર મક્કા પાછી આવીશ તો તને જરૂર મળીશ. તું તો મને મારા દીકરા જેવો પ્યારો લાગે છે. તે વૃધ્ધાના પૂછવા પર આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો કે જે નવયુવાન વિષે રસ્તામાં તમે વાતો કરતાં હતાં તે યુવાન મુહમ્મદ હું જ છું.

આ છે આપણા નબી સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ખુશઅખ્લાકી. એ વૃધ્ધાને શું ખબર કે જે નવયુવાને મારો સામાન ઉંચકયો છે, તેણે તો આખી ઈન્સાનીયતનો ભાર પોતાના ખભાઓ ઉપર ઉઠાવ્યો છે. આપણા નબી સલ્લલ્લાહુ અલયહિવ વસલ્લમે પોતે સારા અખ્લાકના નમૂના બનીને ઉમ્મતને સારા અખ્લાકની તાલીમ આપી.

(અલ–ફુરકાન મે–૨૦૧૦)

## ખુશ અખ્લાકીની ફઝીલતો

હદીષ શરીફમાં છે કે એક મુસલમાન જ્યારે બીજા મુસલમાનને જોઈને મુશ્કુરાય છે (ખુશી ના હાવભાવ ચહેરા પર લાવે છે) તો આ હસવા – મુસ્કુરાહટ પર તેના માટે સદકાનો સવાબ લખવામાં આવે છે. બીજી એક હદીષ શરીફમાં છે કે બે મુસલમાનભાઈનો એક બીજાથી ભેટો થાય છે તો તેઓ એક બીજાથી અલગ થાય તે પહેલા

અલ્લાહ તઆલા તેમના ગુનાહોને માફ કરી દે છે. એવી રીતે જેવી રીતે કે પાનખર ઋતુમાં ઝાડના પાંદડાઓ ખરી પડે છે. એક હદીષ શરીફમાં છે કે અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું કે સૌથી વધારે ફઝીલતવાળો અમલ મુસલમાન (મોમીન) ના દિલને ખૂશ કરવું તે છે. એક હદીસમાં છે કે એક માણસ નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ચહેરા મુબારકની (સામી) બાજુથી આવ્યો અને પૂછયું કે અય અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સૌથી વધારે ફઝીલતવાળો અમલ કયો છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ઈર્શાદ ફરમાવ્યો કે સારા અખ્લાક. પછી તે માણસ જમણી બાજુથી આવ્યો અને આવીને ફરી આ જ સવાલ કર્યો કે સૌથી વધારે ફઝીલતવાળો અમલ કયો છે ? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે ફરમાવ્યું સારા અખ્લાક. પછી તે માણસ ડાબી બાજુથી આવ્યો અને ફરી આ જ

સવાલ કર્યો કે સૌથી વધારે ફઝીલતવાળો અમલ કયો છે? આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે જવાબ આપ્યો કે સારા અખ્લાક. પછી તે માણસ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની પીઠ મુબારક તરફથી આવ્યો અને આજ સવાલ કર્યો કે સૌથી વધારે ફઝીલતવાળો અમલ કયો છે? તો આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમે તેની તરફ ફરીને જોયું અને ફરમાવ્યું કે તને શું થઈ ગયું છે? કેમ સમજતો નથી કે ઈમાન લાવ્યા પછી સૌથી ફઝીલતવાળો અમલ સારા અખ્લાક છે. અલ્લાહના રસૂલ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને સારા અખ્લાક આટલા બધા પસંદ હતા.

એક હદીસમાં છે કે સારા અખ્લાક ઈન્સાનના ગુનાહોને એવી રીતે ઓગાળી નાંખે છે જેવી રીતે પાણી બરફને ઓગાળી નાંખે છે. મતલબ કે પાણીમાં બરફ નાંખવામાં આવે તો તે તરત જ ઓગળી જાય છે. તેવી જ રીતે સારા અખ્લાકવાળા

માણસના ગુનાહ તેના સારા અખ્લાકને કારણે નષ્ટ (માફ) થઈ જાય છે. અને એક હદીષ શરીફમાં છે કે કયામતના દિવસે મોમીનના આઅમાલનામામાં સારા અખ્લાકથી વધારે વજનવાળો બીજો કોઈ અમલ નહી હોય.

હઝરત અનસ રઝી. ફરમાએ છે કે મેં રસુલુલ્લાહ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની ૧૦ (દસ) વર્ષ સુધી ખિદમત કરી એક પણ વખતે મને ઉફ (હું) નથી કહ્યું. જે કામ મેં કર્યુ હોય તેના વિષે કદી એમ નથી કહ્યું કે તે આ કામ કેમ કર્યુ ? અને કોઈ કામ ન કર્યુ હોય તો કદી એમ નથી કહ્યું કે તે પેલું કામ કેમ ના કર્યુ ?

**ઘરમાં હોય કે બહાર દરેક ઠેકાણે ખુશ અખ્લાકી મોમીનની શાન છે.**

આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમની આદત હતી કે જ્યારે કોઈની સાથે મુસાફહ ( હાથમાં હાથ લઈ મુલાકાત )

કરતા તો જ્યાં સુધી સામેવાળો હાથ ન છોડે ત્યાં સુધી આપ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ પોતે તેનો હાથ છોડતા ન હતા. હદીસમાં છે કે હઝરત આયેશા સિદ્દીકા (રદિ.) ફરમાવે છે કે હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ જ્યારે ઘરમાં તશ્રીફ લાવતા તો, મુસ્કુરાતા (દાંત ન દેખાય તે રીતનું હસવું) ચહેરા સાથે તશ્રીફ લાવતા. આપણા પ્યારા નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની આ કેટલી પ્યારી સુન્નત છે. જો પતિ મુશ્કુરાતા ચહેરે ઘરમાં આવે અને પત્નિને પણ અલ્લાહ પાક તૌફિક આપે કે તેણી પણ મુસ્કુરાતા વદને પતિને મળે, તો પછી ઘરમાં કલુષિત વાતાવરણને બદલે આનંદમય વાતાવરણ જ સર્જાશે. (અલફુરકાન મે–૨૦૧૦)

## સારા અખ્લાકવાળો માણસ હરકોઈનો મહબૂબ હોય છે.

આમ રિવાજ છે કે ઝાડ પોતાના ફળોથી ઓળખાય છે

એવી રીતે માણસ પોતાના અખ્લાકથી ઓળખાય છે જે ઝાડના ફળો સારા અને મીઠા હોય, દેખાવમાં પણ સારા હોય અને સ્વાદ પણ લઝીઝ હોય. લોકો તે ઝાડની હિફાજત કરે છે અને તેને પાણી પણ આપતા રહે છે એવી રીતે જે માણસના અખ્લાક સારા હોય, જેની પાસે બેસવાથી ફાયદો થતો હોય અને જે મુસીબત –પરેશાનીમાં બીજાને કામ આવે. આવા માણસને લોકો પસંદ કરે છે. હકીકતતો એ છે કે સારા અખ્લાકવાળા માણસને લોકો પણ પસંદ કરે છે અને પરવરદિગારે આલમ પણ પસંદ કરે છે. જે માણસને અલ્લાહ પાક તરફથી સારા અખ્લાકની દૌલત મળી ગઈ તેને ઘણી મોટી નેઅમત મળી ગઈ. સારા અખ્લાક માણસની સીરત (ગુણ) છે, જેવી રીતે ખુબસુરત માણસને જોવાથી આંખો ખૂશ થાય છે તેવી રીતે સારી સીરત (સદાચારી) વાળા માણસને મળવાથી દિલ ખૂશ થઈ જાય છે.

સારા અખ્લાકનું બીજું નામ સારા કિરદાર (ઉત્તમ ચારિત્ર્ય) છે. યાદ રાખો કે કિરદાર જોવામાં બેકિમત લાગે છે પરંતુ માણસ તેના લીધે ઘણી મોંઘી કિંમતી વસ્તુ ખરીદી શકે છે. દુનિયા તલવારનો મુકાબલો (હરિફાઈ) કરી શકે છે પરંતુ કિરદાર નો મુકાબલો કરી શકતી નથી. હંમેશા કિરદારની જ જીત થાય છે. હઝરત આઈશાહ (રદિ.) અન્હા ફરમાવે છે કે નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે મદિના પર અખ્લાકથી જીત મેળવી હતી.

## ખુશઅખ્લાકી (સારા અખ્લાક)ની હકીકત

આજ કાલ લોક ચર્ચા મુજબ અખ્લાકનો મતલબ એવો કરાય છે કે એક માણસ બીજા માણસ સાથે હસ્તામુખે મુલાકાત કરે અને નરમીથી વાતચીત કરે, લાગણીના શબ્દો કહે. બસ, આજ મતલબ સારા અખ્લાકનો સમજવામાં આવે છે. પરંતુ ખાસ યાદ રહે કે શરીઅતમાં અખ્લાકનો મતલબ તેનાથી

પણ કંઈ ઘણો વિશાળ છે. જો કે સારા અખ્લાકમાં આ વાતો પણ આવી જ જાય છે કે જ્યારે બીજાથી મુલાકાત થાય તો હસતા મુખે, નરમાઈથી, મોહબ્બતથી મળે. ખરેખર, અખ્લાક તો દિલની સારી હાલત એટલે કે સારી વાતો પેદા થવાનું અને દિલમાં રહેલી સારી ભાવનાઓ અને દિલમાં પેદા થનાર સારી મનેચ્છાઓનું નામ છે. જેથી સામે મળ તો માણસ ચહેરાને જોઈને ખૂશ થઈ જાય અને મુલાકાત વેળાએ તેનામાં પણ મોહબ્બતની ભાવના પેદા થાય. અને આપણા અખ્લાક એવા ન બને કે આપણા દિલ–દિમાગમાં ખોટી અને ખરાબ ભાવનાઓ, અને ખોટા વિચારો પેદા થાય આમ થવું એ બદઅખ્લાકી છે. માટે આપણે આપણા અખ્લાક –ચારિત્ર્યની ચિંતા કરવી જોઈએ કે આપણા અખ્લાક કે જેને ખૂશઅખ્લાક કહેવામાં આવે છે તે તુલનામાં આવી જાય. જો કે માણસમાં

કુદરતી (પ્રાકૃતિક) ભાવનાઓ, વિચારો અને તે વિષેનો જુસ્સો રહેલો હોય છે. દરેકને પોત-પોતાની રીતે વર્તવાનો જોમ - જુસ્સો હોય છે તેથી તે લાગણી કે ગુસ્સાને પોતાની રીતે વ્યકત કરે છે. દરેકમાં આ ગુણો ઓછાવત્તા પ્રમાણમાં મોજૂદ હોય છે. માણસમાં ગુસ્સો હોય તે પણ સ્વાભાવિક છે કે તે જરૂરતના સમયે વ્યકત કરી પોતાનો ન્યાયી બચાવ કરી શકે, કોઈને ન્યાયી કારણોસર ડરાવી કે ધમકાવી શકે. દા.ત. કોઈ તેના પર કે તેની પત્ની પર અથવા અન્ય કોઈ નિર્દોષ પર હુમલો કરે અથવા કોઈપ્રકારનું નુકસાન કરવા ચાહે અને જો દિલમાં ગુસ્સો ન હોય તો કેવું વિપરીત પરિણામ આવે? એટલે આવા ગુણ હોવા પણ અમૂક હદ સુધી જરૂરી છે. પરંતુ હદ બહારના આવા ગુણો ધરાવવાનો કોઈને પણ હક નથી. અને જો હદ બહાર આવા ગુણ હોય તો તેવાને બહાદુર ગણવાને બદલે કાયર ગણવો

જોઈએ કે તેને બચાવ કરવાના હદ બહારના દુર્ગુણો પર કોઈ કાબુ નથી. શરીઅતમાં આવી પ્રકૃતિને કોઈ સ્થાન નથી. આવા દુર્ગુણો જાઈઝ (યોગ્ય) નથી.

મતલબ કે જ્યારે ગુસ્સાની જરૂર હોય તો હદમાં રહીને ગુસ્સો કરે. દા.ત. ઔલાદ ગલત રસ્તે જઈ રહી છે, તેના અમલો ખરાબ થઈ રહ્યા છે, તેની આદતો ખરાબ થઈ રહી છે તો પ્રથમ સમજાવટ અને નસીહતોથી કામ લે. પરંતુ જ્યારે સમજાવટ કે નસીહત કામ ન લાગે ત્યારે પોતાની ઔલાદ હોવાના કારણે લાગણીમાં તણાઈને તેને જતો ન કરે, તેના પર હદમાં રહીને જરૂર ગુસ્સો કરે કે જેથી તે સીધા રસ્તે આવી જાય. શરૂથી જ ગુસ્સાના આવેશમાં આવીને તેને મારપીટમાં લાગી ન જાય. જો કે કોઈપણ પ્રકારે ગુસ્સો કરવો એ સારા ગુણ તો નથી જ. કારણ કે સારા અખ્લાકમાં ગુસ્સાને કોઈ જ સ્થાન નથી.

(ઈસ્લાહી ખુત્બાત ભાગ_૧૫ પેજ_૪૯)

## ઈમામ ગઝાલી (રહ.)નું હુઝુર સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમના સારા અખ્લાકનું વર્ણન

હુજ્જતુલ ઈસ્લામ ઈમામ ગઝાલી (રહ.) લખે છે કે આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ જાનવરને પોતે જ ઘાસ નાંખતા, પોતે જ ઊંટને બાંધતા અને ઘરની સફાઈ કરતા. બકરીનું દૂધ પોતે જ દોહતા. ખાદિમ સાથે બેસીને ખાઈ લેતા. ખાદિમને પણ કામમાં મદદ કરતા. બજારમાં જઈ વસ્તુઓ પોતે જ ખરીદ કરતા અને તે ઉચકીને ઘેર લઈ આવતા. દરેક નાના–મોટાને સલામ કરવામાં પોતે જ પહેલ કરતા. જે કોઈ માણસ આપની સાથે થઈ જતો તો તેના હાથમાં હાથ પરોવી તેની સાથે ચાલવા લાગતા. ગુલામ, આકા કે હબશી, તુર્કીમાં જરા પણ ફર્ક (ઊંચ–નીચ) રાખતા નહીં. રાત–દિવસના કપડાં (પહેરવેશ) એક જ રાખતા. ગમે તેવો નાનો માણસ દઅવત આપે તો તેને કબૂલ ફરમાવતા. જે ખાણું

સામે આવતું ખૂશીની સાથે ખાઈ લેતા. રાતના ખાણામાંથી સવાર માટે અને સવારના ખાણામાંથી રાત માટે બચાવીને રાખતા ન હતા. આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ સારી આદતોવાળા, ઉમદા મિજાજવાળા અને હસતા મુખવાળા હતા. હસવામાં જોરથી હસતા ન હતા. પરંતુ હસવાને સમયે મોઢું મુશ્કુરાહટથી ખીલી ઉઠતું હતું. એમનામાં ચીડીયલપણું જરા પણ ન હતું દરેક સાથે હસતા મુખે રહેતા. સખાવતપણું એ આપનો ખાસ ગુણ હતો. દરેક પર રહેમ ફરમાવતા, માથા મુબારકને ઝુકાવીને રાખતા.

## અલ્લાલામા સુયુતી રહ. સારા અખ્લાકવાળા માણસની દસ અલામતો અને નીશાનીઓ બયાન ફરમાવે છે

(૧) તે ઝઘડો ઘણોજ ઓછો કરશે.
(૨) તે ન્યાયથી કામ કરશે.
(૩) તે લોકોની ભૂલો પર નજર નહીં કરે.

(૪) તે બુરાઈમાં પણ સારા પાસાને શોધશે.
(૫) તે માઝીરત—માફીનો ખ્વાહીશમંદ હશે.
(૬) તે લોકોની તકલીફોને વેઠશે.
(૭) તે પોતાના નફસનેજ મલામત કરશે.
(૮) બીજાઓને નઝર અંદાજ કરી દરેક મોકા પર પોતાના એબો (ભૂલો) નેજ તલાશ કરશે.
(૯) નાના—મોટા દરેક સાથે હસતાં મુખે રહેશે.
(૧૦) દરેક સાથે (સામેવાળો વ્યકિત મોટા મરતબાવાળો હોય કે નાના મરતબાવાળો) નરમાઈ સાથે વાતચીત કરશે. (રવઝતુસ્સાલેહીન)

## અબ્દુલ્લાહ બિન મુબારક (રહ.) નો મોમિનના દિલને ખુશ કરવા માટેનો એક

અબ્દુલ્લાહ બિન મુબારક (રહ.) એક મોટા મુહદ્દિસ હતા. અલ્લાહ પાકે તેઓને ખુબ માલ – દૌલતથી નવાજ્યા હતા. તેઓ એક નવાબના ફરઝંદ હતા.

એક વેળા એક માણસ તેમની પાસે આવ્યો અને કહ્યું કે મારા ઉપર સાતસો દિરહમનું કરઝ થઈ ગયું છે. જો આપ સાતસો દિરહમ મને આપી દો તો મારૂં દેવું(કરઝ) અદા થઈ જશે. આપ (રહ.)એ એક ચિઠ્ઠી લખી આપીને કહ્યું કે આ ચિઠ્ઠી મારા હિસાબનીશને આપી રકમ લઈ લેશો. જ્યારે પેલો માણસ હિસાબનીશ પાસે ગયો તો હિસાબનીશે જોયું કે ચિઠ્ઠીમાં સાત હજાર દિરહમ લખ્યા હતા અને આવેલો માણસ તો સાતસો દિરહમ માંગી રહ્યો છે. હિસાબનીશે પરેશાન થઈ કહ્યું કે હું હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક (રહ.) થી ખુલાસો કરી લઉં છું મને એમ લાગે છે કે તેમની કોઈ ભૂલ થઈ ગઈ છે જેથી સાતસોને બદલે સાત હજાર દિરહમ લખાઈ ગયા છે. હિસાબનીશે હઝરત અબ્દુલ્લાહ બીન મુબારક (રહ.) પાસે જઈન ચિઠ્ઠીમાં લખેલી રકમ બાબતે ખુલાસો પૂછ્યો તો

આપ (રહ.) એ ફરમાવ્યું કે લાવો મને ચિઠ્ઠી બતાવો. હિસાબનીશે જ્યારે ચિઠ્ઠી પેશ કરીતો આપ (રહ.)એ તે સાત હજાર દિરહમ છેકી નાંખી તેની જગ્યાએ ચૌદ હજાર દિરહમ લખી આપી તે ચિઠ્ઠી હિસાબનીશને પાછી આપી અને કહ્યું કે લખેલી રકમ તેને આપી દો. હિસાબનીશે જો કે તે રકમ આપી દીધી પરંતુ આ વાત સમજમાં ન આવી, એટલે હઝરતને મળીને પૂછયું કે હઝરત મને એ વાત સમજમાં ન આવી કે આવનાર માણસને સાતસો દિરહમની જરૂર હતી અને આપને ચિઠ્ઠી બતાવી તો, ઓછા કરવાની જગ્યાએ સાત હજારને બદલે આપે ચૌદ હજાર દિરહમ લખી દીધા? તો અબ્દુલ્લાહ બિન મુબારક (રહ.)એ ફરમાવ્યું કે મેં નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની એક હદીસ પઢી છે કે જ્યારે

કોઈ મોમિન મુસલમાનભાઈના દિલને અચાનક ખૂશ કરે છે તો આ અચાનક ખૂશ કરવાના બદલામાં અલ્લાહ પાક તેના પાછળના તમામ ગુનાહોને માફ કરી દે છે. તે માણસ મારી પાસે સાતસો દિરહમ માંગવા આવ્યો હતો, મેં તેને સાત હજાર દિરહમ લખી દીધા. એટલા માટે કે તેને અચાનક ખૂશી થાય પણ તમે મારૂં કામ બગાડી નાંખ્યું અને ખુલાસો કરવા માટે મારી પાસે આવ્યા. હવે જ્યારે તે માણસને ખબર પડી ગઈ કે સાત હજાર દિરહમ લખ્યા છે માટે તે ખૂશ થઈ જતો.

પરંતુ તેને સાત હજાર દિરહમ મળ્યા હોત તો એટલી ખૂશી ન થતી માટે જ મેં સાત હજાર દિરહમને બદલે ચૌદ હજાર દિરહમ લખી દીધા. મારો મકસદ તેને અચાનક ખુશ કરવાનો હતો જેથી કરીને અલ્લાહ પાક મારા પાછલા ગુનાહોને માફ

કરી દે. અલ્લાહ પાક આપણને ખુશઅખ્લાકી નસીબ ફરમાવે અને અત્યાર સુધી આપણાથી લોકોના દિલોને જે ઠેસ પહોંચી અને દુઃખ પહોંચ્યું હોય તે માટે અલ્લાહ તઆલા આપણી ઉપર રહેમનો મામલો ફરમાવી માફ ફરમાવે. આમીન.

(અલફુરકાન મે–૨૦૧૦)

رَبَّنَا تَقَبَّلْ مِنَّا اِنَّكَ اَنْتَ السَّمِيْعُ الْعَلِيْم

وَتُبْ عَلَيْنَا اِنَّكَ اَنْتَ التَّوَّابُ الرَّحِيْم